# હિંમતનગર નાગરિક બેંકની ૧૩ ડીરેક્ટરોની ૧૪ જાન્યુઆરીએ ચૂંટણી

## ૧૩ પૈકી બે બેઠક સ્ત્રીઓ માટે અને એક બેઠક અનુસુચિત જાતિ માટે અનામત લોકસભા અને વિધાનસભાની ચૂંટણી કરતા મતદારોમાં વધુ મહત્વ

હિંમતનગર, તા.૧

કેન્દ્ર અને રાજ્ય સરકારે સહકારી સંસ્થાઓમાં ડીરેક્ટરોની મુદત પાંચ વર્ષની કરી દીધી છે ત્યારે આ વખતે હિંમતનગર નાગરીક બેંકની કુલ ૧૩ જગ્યાઓ માટેનું શુક્રવારે જાહેરનામુ પ્રસિધ્ધ કરાયુ છે. જે મુજબ ઉત્તરાયણ પછી તા.૧૪ જાન્યુઆરીના રોજ યોજાનાર નાગરીક બેંકની આ ચૂંટણીમાં ઝંપલાવવા માટે અનેક યુવાઓએ શસ્ત્રો સજાવવાનું શરૂ કરીને લાગતા વળગતાઓનો સંપર્ક કરવા માટે શોશ્યલ મિડિયાનો ભરપુર ઉપયોગ કરવાનું ચાલુ કરી દીધુ છે.

આ અંગે નાગરીક બેંકના નોટીસ બોર્ડ પર પ્રસિધ્ધ કરાયેલા ચૂંટણીના જાહેરનામામાં જણાવાયા મુજબ તા.૧-૧-૨૦૨૧ ની પ્રથમિક મતદાર યાદી અને આગામી તા.૪-૧-૨૦૨૧ ના રોજ પ્રસિધ્ધ થનારી આખરી મતદાર યાદી મુજબ ચૂંટણી યોજાશે. આ વખતની ચૂંટણીમાં નાગરીક બેંકની તમામ ૧૩ બેઠકો માટે ઉભા રહેનારા ઉમેદવારોને મતદારો પોતાની પસંદગી મુજબ મત આપી ચૂંટશે.

દરમિયાન તા.૫ જાન્યુઆરીથી ઉમેદવારી પત્રો ભરવાનો પ્રારંભ થનાર છે ત્યારે આ વખતે નાગરીક બેંકની ચૂંટણીમાં ઝંપલાવવા માંગતા કેટલાક યુવાઓએ અત્યારથી જ શોશ્યલ મિડિયાના માધ્યમથી લાગતા વળગતાઓનો સંપર્ક કરવાનું જોરશોરથી શરૂ કરી દીધુ છે. અગાઉની જેમ હિંમતનગર નાગરીક બેંકની ચૂંટણીમાં બેંકના મતદારોને લોકસભા અને વિધાનસભાની ચૂંટણી કરતા વિશેષ રસ હોય છે ત્યારે આ વખતની ચૂંટણી રસાકસી ભરી બની રહેવાની શક્યતા નકારી શકાતી નથી.

૧૩ બેઠકો માટે યોજાનાર આ ચૂંટણીમાં બે બેઠકો સ્ત્રીઓ માટે અનામત જ્યારે એક બેઠક અનુસુચિત જાતિ માટે અનામત રહેશે. જાહેરનામામાં જણાવાયા મુજબ ઉમેદવારી પત્રો તા.૫ જાન્યુઆરીથી ૪ જાન્યુઆરી સુધી ભરી શકાશે ત્યારબાદ તા.૮ જાન્યુઆરી સુધી ઉમેદવારી પત્રો પાછા ખેંચાશે અને તેજ દિવસે ઉમેદવારોની આખરી યાદી પ્રસિધ્ધ કરાશે. ચૂંટણીચિત્ર સ્પષ્ટ થયા બાદ તા.૧૪ જાન્યુઆરીના રોજ સવારે ૮ થી બપોરે ૪ વાગ્યા સુધી ટાવર રોડ પર આવેલ હિંમત હાઈસ્કૂલ ખાતે મતદાન થશે. અને તેજ દિવસે મતગણતરી હાથ ધરાયા બાદ મોડી સાંજે પરીણામ જાહેર થશે જોકે આજ પરીણામને નાગરીક બેંકની યોજાનાર વાર્ષિક સાધારણ સભામાં પણ જાહેર કરાશે.

## હિંમતનગર બાયપાસ રોડ પરથી પીકઅપ ડાલુ ચોરાયું

હિંમતનગર, તા.૧

હિંમતનગરના બાયપાસ રોડ પર આરટીઓ નજીક આવેલ એક સ્થળેથી બે દિવસ અગાઉ અંદાજે રૂા.૧.૫૦ લાખની કિંમતના પીકઅપ ડાલા નં. જીજે.૦૯.એવી.૪૦૮૪ની અજાણ્યો શખ્સ ચોરી કરીને લઈ ગયો હતો જે અંગે તપાસ કરવા છતા પીકઅપ ડાલાનો કોઈ પત્તો ન મળતા આરટીઓ પાસે આવેલ તમન્ના બંગ્લોઝમાં રહેતા આશીફહુસેન ઉસ્માનગની મેમણએ ગુરૂવારે અજાણ્યા શખ્સ વિરૂધ્ધ હિંમતનગર બીડીવીઝન પોલીસ સ્ટેશનમાં વાહન ચોરાયાની ફરીયાદ નોધાવી હતી.



## ડીસામાં ઠંડીના પગલે ગરમ વસ્ત્રોની માંગ વધી

સમગ્ર રાજયમાં કાતિલ ઠંડી પડી રહી છે તેમાંય બનાસકાંઠા જિલ્લાના ડીસામાં પડતી હાડ ધ્રુજવતી ઠંડીએ છેલ્લા ૧૧ વર્ષનો રેકોર્ડ તોડ્યો છે અને હવામાન વિભાગ દ્વારા કોલ્ડ વેવની આગાહી પણ કરવામાં આવી છે જેથી ઠંડી વધી જતાં લોકો એ ગરમ કપડાં લની ખરીદી માટે ધસારો કર્યો હતો અને બજારોમાં ભીડ ઉમટી પડી હતી આમ તો શિયાળો અંતિમ તબક્કામાં છે કારણ ઉતરાયણ બાદ તો ગરમીની શરૂઆત થઈ જતી હોય છે પરંતુ મોડેથી આવેલી ઠંડીએ જોર પકડતા લોકો ગરમ કપડાંની ખરીદીમાં વ્યસ્ત જોવા મળ્યા હતા.તેથી ઠંડીમાં ગરમ કપડાંનું બજાર ગરમ બની ગયું છે.



## બાયડ તાલુકાના ફતેપુરા ગામ ગેસની બોટલ ફાટતાં ચાર મકાન બળીને ખાખ

બાયડ તાલુકાના અલવા ગામ પાસે આવેલા ફતેપુરા ગામે તારીખ ૩૧.૧૨. ૨૦૨૦ ના રોજ રાત્રિના સમય દરમ્યાન રાંધણ ગેસનો બોટલ ફાટા ચાર મકાનમાં આગ પ્રસરી જતા ઘર વખરીનો સામાન બળીને રાખ થઈ ગયો હતો બાયડ તાલુકાના ફતેપુરા ગામે પરમાર પરીવારમાં મકાન આવેલું હતું. જેમાં રાત્રિના સમયના ઘરના સભ્યો તમામ ઘરમાં હતા પરંતુ રાધન ગેસની બોટલ ધડાકાભેર ફાટતાં ઘરવખરી સામાન બળીને ખાખ થઈ ગયો હતો જ્યારે આગે પ્રચડ સ્વરૂપ ધારણ કરતાં આખા ઘરની આગળ લપેટામાં લીધું હતું આજુબાજુના ગ્રામજનો દોડી આવી ગયા હતા તેમજ ગામના આગેવાનોએ ફાયર ફાઈટર જાન કરતા. મોડાસા બાયડ તલોદના ફાઈટર જવાનો ફતેપુરા ગામ પાસે પહોંચી ગયા હતા આંગણે હોલાવા માટે આગ કાબૂમાં લીધી હતી.

# હવે તો પીધ્ધડ પણ શાણા થઈ ગયા લાગે છે....!!

## થર્ટી ફર્સ્ટ ડિસેમ્બરે અરવલ્લી જીલ્લાના પોલીસ સ્ટેશનોમાં ફક્ત ૮ રાજાપાટમાં ઝડપાયા

મોડાસા, તા. ૧

આજના યુવા વર્ગમાં ૩૧ ડિસેમ્બર અને નવા વર્ષની ઉજવણી કરવાનો ભારે જોમ હોવાની સાથે વિદેશી દારૂની મહેફિલો માણતા હોવાની સાથે રાજ્યમાં દારૂબંધી હોવાથી યુવાનો અને લોકો રાજસ્થાનની વાટ પકડી રાજસ્થાનમાં વિદેશી દારૂની છોળો વચ્ચે ૩૧ ડિસેમ્બરની ઉજવણી કરી રાત્રે અથવા વહેલી સવારે પરત ફરતા હોય છે અરવલ્લી જીલ્લાની આંતરરાજ્ય સરહદો પરથી અગાઉ મોટી સંખ્યામાં પીધ્ધડો થર્ટી ફર્સ્ટની રાત્રે કે પછી બીજા દિવસે પકડાયા હોવાની ઘટનાઓ બનતી હતી પરંતુ છેલ્લા બે વર્ષથી પીધ્ધડ પણ હોશિયાર થઈ ગયા હોય તેમ પોલીસ કાર્યવાહી થી બચવા ૩૧ ડિસેમ્બર પછી રાજસ્થાનમાં જ રોકાવાનું પસંદ કરતા હોવાથી ગત સાલ એક પણ પીધેલો ઝડપાયો ન હતો ત્યારે આ ૩૧ ડિસેમ્બરે અરવલ્લી જીલ્લાની આંતરરાજ્ય સરહદો પરથી, શહેરી અને ગ્રામ્ય વિસ્તારો માંથી ફક્ત ૮ જ પીઅક્કડ પોલીસને હાથ લાગતા ભારે આશ્ચર્ય સર્જાયું છે.

અરવલ્લી જીલ્લા પોલીસવડા સંજય ખરાતના ના માર્ગદર્શન હેઠળ ૩૧ ડિસેમ્બરે કોઈ પણ પ્રકારનો અનિચ્છનીય બનાવ ન થાય તે માટે અને આંતરરાજ્ય સરહદો પરથી પોલીસ ચેકપોસ્ટ હટાવી લેતા બુટલેગરો વિદેશી દારૂ ઠાલવે નહિ તે માટે પોલીસ પેટ્રોલિંગ અને નાકાબંધી કરવાની સાથે વિવિધ તપાસ એજન્સીઓ કાર્યરત કરી વાહનચાલકોનું સઘન ચેકીંગ હાથધર્યું હતું ૩૧ ફર્સ્ટ ડિસેમ્બરની રાત્રીએ અને બીજા દિવસે અરવલ્લી જીલ્લામાંથી શામળાજી પોલીસ સ્ટેશન હદમાંથી ૫ ભિલોડા પોલીસ સ્ટેશનમાં ૨ અને ટાઉન પોલીસ સ્ટેશનમાંથી ૧ વ્યક્તિ દારૂ પીધેલી હાલતમાં મળી આવ્યો હતો જીલ્લાના અન્ય પોલીસ સ્ટેશન વિસ્તારમાંથી એક પણ પીધેલો હાથ ન લાગતા લોકોમાં ભારે આશ્ચર્ય સર્જાયું છે છેલ્લા બે વર્ષથી ૩૧ ડિસેમ્બરે દારૂના રસિયાઓ હવે ઘરે જ નાના સમૂહમાં દારૂ પાર્ટી યોજી શરાબની લિજ્જત માણતા હોવાથી પોલીસ પકડથી દૂર રહેતા હોવાનું લોકમુખે ચર્ચાઈ રહ્યું છે

શામળાજી પોલીસ સ્ટેશન વિસ્તારમાં રતનપુર ચેકપોસ્ટ પરથી મોટી સંખ્યામાં લોકો રાજસ્થાનમાં દારૂની પાર્ટી કરવા પહોંચતા હોય છે ૩૧ ફર્સ્ટ પણ મોટી સંખ્યામાં લોકો બાઈક,કાર સહીત વિવિધ વાહનો મારફતે થર્ટી ફર્સ્ટની ઉજવણી કરવા દારૂના શોખીનોએ રાજસ્થાનની વાટ પકડી હતી અને કેટલાક લોકો દારૂની છોળો વચ્ચે નવા વર્ષની ઉજવણી કરી રાજાપાટ માં ઘરે જતા હવાલતની મજા માણવાના બદલે હવે પીધ્ધડ રાજસ્થાનમાં જ હોટલમાં રોકાવાનું પસંદ કરતા હોવાથી પોલીસ પકડથી દૂર રહેતા હોવાની માહીતી પોલીસ સૂત્રો પાસેથી મળી હતી.



# લ્યો સાંભળો, ૩૧ ડીસેમ્બરે દારૂ પીનાર ૧૩ નબીરાઓને પોલીસે ઝડપી લીધા

## સતત ચેકીંગ અને કોરોનાને લઈને લોકો ઘરમાં જ પુરાઈ રહ્યાનું અનુમાન

હિંમતનગર, તા.૧

સમગ્રગુજરાતનું યુવાધન ખ્રિસ્તીઓના નવાવર્ષની ઉજવણી નિમિત્તે ડાન્સ પાર્ટી સહિત વિવિધ મોજશોખના કાર્યક્રમોનું અગાઉથી આયોજન કરી દે છે ત્યારે આ વર્ષે કોરોનાને લઈને યુવાધનનું આ સ્વપ્ર ચકનાચૂર થઈ ગયુ હોય તેમ લાગે છે. જેમાં પોલીસનું સતત ચેકીંગના ભયના કારણે ગુરૂવારે સાબરકાંઠા જિલ્લામાં અનેક યુવાનો ભયને લીધે આવી પાર્ટીઓ કાંતો છાનાછુપના સ્થળે અથવા તો મર્યાદિત સમયમાં મિત્રો સાથે ઉજવીને ઘરભેગા થઈ ગયા હતા. તેમ છતા જિલ્લાના પોલીસતંત્ર ધ્વારા ૧૩ લોકોને રાત્રે ઝડપી લીધા હતા.

આ અંગે પોલીસ સૂત્રોમાંથી મળતી માહિતી મુજબ જિલ્લામાં ૩૧ ડીસેમ્બરના રોજ કાયદો અને વ્યવસ્થાની સ્થિતી જળવાઈ રહે અને કોરોનાના નિયમોનો ભંગ ન થાય તે માટે પોલીસ દ્વારા ગુરૂવારે બપોરથી જ રાજસ્થાનને જોડતા તમામ રસ્તાઓ પર ચેકીંગ શરૂ કરી દેવામાં આવ્યુ હતું. તે ઉપરાંત હિંમતનગર સહિત તમામ તાલુકા મથકોને જોડતા રસ્તાઓ પર પોલીસ દ્વારા બેરીકેટ મુકીને આવતા અને જતા વાહનોનું ચેકીંગ શરૂ કરી દેવામાં આવ્યુ હતું.

દરમિયાન હિંમતનગર સહિત જિલ્લાના વિવિધ સ્થળે મોડી રાત સુધી ફરતા લોકોને અટકાવીને તેમની પુછપરછ શરૂ કરવામાં આવી હતી અને લગભગ ૧૩ જણા શંકાસ્પદ જણાતા અથવા તો દારૂનો નશો કરેલા હોવાનું માનીને પોલીસે તેમની અટકાયત કરી હતી. ત્યારબાદ સ્થાનિક પોલીસ સ્ટેશનોમાં તેમની વિરૂધ્ધ ગુનો પણ દાખલ કરાયો હતો.

મળતી માહિતી મુજબ આ વર્ષે હિંમતનગર સહિત જિલ્લાના વિવિધ સ્થળે અગાઉના વર્ષોની જેમ મનોરંજનના કાર્યક્રમો સહિત ખાણીપીણી અને નવા વર્ષને વધાવવાના કાર્યક્રમો બંધ રહ્યા હતા. જોકે આ વર્ષે અનેક લોકોએ નવા વર્ષની ઉજવણીના ભાગરૂપે રાત્રે બાર વાગ્યા પછી શોશ્યલ મિડિયાનો ઉપયોગ કરીને લોકોને વર્ષ ૨૦૨૧ ના વધામણાની શુભેચ્છાઓ પાઠવી હતી. જેને લઈને આખો દિવસ શોશ્યલ મિડિયામાં નવા વર્ષના શુભેચ્છા સંદેશાઓનો ઢગલો થઈ જવા પામ્યો હતો.

## વડોદરામાં કોરોના પોઝિટિવ કેસનો આંક ૨૧,૨૩૩ ઉપર પહોંચ્યો

મહાનગરપાલિકાએ જાહેર કરેલા આંકડાઓ પ્રમાણે, વડોદરા શહેર જિલ્લામાં પોઝિટિવ કેસનો કુલ આંક ૨૧,૨૩૩ પર પહોંચી ગયો છે અને મૃત્યુઆંક ૨૩૬ થયો છે. વડોદરા શહેર જિલ્લામાં અત્યાર સુધીમાં કુલ ૧૯,૬૧૭ લોકો કોરોનાને માત આપી ચુક્યા છે. વડોદરામાં હાલ ૧૩૮૦ એક્ટિવ કેસ પૈકી ૧૪૫ દર્દી ઓક્સિજન પર અને ૪૬ દર્દી વેન્ટિલેટર પર છે અને ૧૧૮૯ દર્દીની હાલત સ્થિર છે.



## ભિલોડાના જેસીંગપુર ગામમાંથી પોલીસ ધ્વારા વિદેશી દારૂનો જથ્થો ઝડપાયો

એક તરફ શિયાળાની સિઝન દરમ્યાન કાતીલ તીવ્ર ઠંડીનો ચમકારો વધતા દેશી-વિદેશી દારૂની માંગનું પ્રમાણ વધી રહ્યું છે.બીજી તરફ ૩૧મી ડીસેમ્બરની ઉજવણી દરમ્યાન વિદેશી દારૂનું ચલણ વધતા પોલીસ ધ્વારા પ્રોહિબીશનની પ્રવૃત્તિ ડામવા સંદર્ભે પોલીસ પેટ્રોલીંગ દરમ્યાન બાતમીના આધારે પોલીસ ધ્વારા વિદેશી દારૂનો જથ્થો ઝડપાયો હતો. પોલીસ ટીમ ધ્વારા જેસીંગપુર ગામના રહેણાંક વિસ્તારમાં નેરયુસ ઉર્ફે લાલો નગીનભાઈ ડામોરના ઘર પાછળની બાવળની ઝાડીઓમાંથી વિદેશી દારૂનો જથ્થો બોટલો,ક્વોટર મળી કુલ નંગ-૪૩૬ ભારતીય બનાવટનો પરપ્રાંતિય વિદેશી દારૂનો જથ્થો પોલીસ ધ્વારા ઝડપી લેવાયો હતો.પોલીસએ પ્રોહિબીશન એક્ટ મુજબ બુટલેગર વિરૂધ્ધ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.પ્રોહિબીશનનો ગણનાપાત્ર કેસ શોધી કાઢવામાં પોલીસને સફળતા મળી છે.

# મેઘરજ પંચાલ રોડ પરથી બે પીકઅપ ડાલામાંથી ૧૨ ભેંસોને પોલીસે કતલખાને જતી બચાવી : ૪ કસાઈઓને દબોચ્યા

મોડાસા, તા. ૧

અરવલ્લી જીલ્લાની આંતરરાજ્ય સરહદો પરથી ઉત્તર ભારતના રાજ્યોમાંથી વિદેશી દારૂ ઠાલવવામાં આવી રહ્યો છે હવે કસાઈઓ પણ આ માર્ગે વિવિધ નાના-મોટા વાહનો મારફતે પશુઓને કતલખાને ઘુસાડી રહ્યા છે મેઘરજ પોલીસે ૩૧ ડીસેમ્બર અંતર્ગત રાજસ્થાન તરફથી વાહનોનું હાઈવે અને અંતરિયાળ માર્ગો પર સઘન ચેકીંગ હાથધરતાં પંચાલ રોડ પરથી શંકાસ્પદ ઝડપે પસાર થતા બે પીકઅપ ડાલાને અટકાવી તલાસી લેતા ૧૨ ભેંસ મુશ્કેટાટ હાલતમાં બાંધેલી હાલતમાં મળી આવતા પોલીસે રાણાસૈયદના ૩ અને ચાંદટેકરીના ૧ કસાઈને ૯.૬૪ લાખ મુદ્દામાલ સાથે ઝડપી પાડી જેલના સળિયા પાછળ ધકેલી દઈ કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

મેઘરજ પીએસઆઈ એન.એમ.સોલંકી અને તેમની ટીમે મેઘરજ નજીક રાજસ્થાન તરફથી આવતા વાહનોનું સઘન ચેકીંગ અને પેટ્રોલિંગ હાથધર્યું હતું ત્યારે રાજસ્થાન તરફથી આવી રહેલા બે મહિન્દ્રા પીકઅપ ડાલા (ગાડી. નં- RJ ૩૧ ૨૩૬૩ અને ૧૭૭૭) ને અટકાવી તલાસી લેતા બંને પીકઅપ ડાલામાંથી મુશ્કેટાટ હાલતમાં બાંધેલ અને ઘાસચારા કે પાણીની સગવડ વગર કણસતી ૧૨ ભેંસ કતલખાને ધકેલાતા બચાવી લઈ પાંજરાપોળ ખાતે મોકલી આપી ૧)હુસેન હસન મુલતાની,૨) શાહીલ સેરખા મુલતાની, ૩)સાકિત બફાતી મુલતાની (ત્રણે રહે,રાણા સૈયદ) અને ચાંદટેકરીના ૪)સોકત કાદર મુલતાનીને ઝડપી પાડી ભેંસ-૧૨, મોબાઈલ, રોકડ રકમ અને પીકઅપ ડાલા-૨ મળી કુલ રૂ.૯૬૪૮૬૦/- નો મુદ્દામાલ જપ્ત કરી ચારેય કસાઈઓ વિરુદ્ધ પ્રાણી અત્યાચાર નિવારણ કલમ હેઠળ ગુન્હો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.



## ડીસામાં બે કરોડના ખર્ચે બનેલ નાનાજી દેશમુખ બાગ નષ્ટ થવાના આરે

ડીસા,તા.૧

ડીસા નગરપાલિકા દ્વારા બે કરોડ ઉપરાંતના ખર્ચે બનાવવામાં આવેલ નાનાજી દેશમુખ બાગમાં જાળવણીના અભાવે ઝાડી ઝાંખરા ઉગી નિકળ્યા છે તેમજ રમતગમતના સાધનો પણ નષ્ટ થઈ રહ્યાં છે ત્યારે તાત્કાલીક ધોરણે બગીચો શરૂ કરવા માટે આપ દ્વારા જીલ્લા કલેક્ટરને રજૂઆત કરવામાં આવી છે. ડીસા નગરપાલિકાના તત્કાલીન પ્રમુખ પ્રવિણભાઈ માળી દ્વારા શહેરના હવાઈ પિલ્લર મેદાનમાં અધતન સુવિધાસભર 'નાનાજી દેશમુખ બાગ' બનાવવામાં આવ્યો હતો પરંતુ બગીચો તૈયાર થઈ ગયા પછી જમીનના મુદ્દે વિવાદ છેડાયો હતો.

શહેરના કેટલાંક લોકોએ જાતે જ બગીચામાં અવરજવર શરૂ કરી દેવામાં આવી હતી પરંતુ તંત્ર દ્વારા તા.૧૮ એપ્રિલ ૨૦૧૯ થી કાયદાકીય ગુચ તેમજ કોન્ટ્રાક્ટરને પેમેન્ટ મળેલ ન હોવાથી બગીચો જનતા માટે બંધ રાખેલ છે' તેવું બેનર બગીચામાં લગાડી દેવામાં આવ્યું છે. કરોડો રૂપિયાના ખર્ચે બનેલ બગીચો નગરજનોને ઉપયોગી થાય તે માટે ચાલુ કરવા ખુદ સતાધારી ભાજપ સહિત વિપક્ષી સદસ્યોએ પણ રજૂઆત કરી છે.

# પ્રાંતિજના કરોલના ખેડૂત પાસે શેર માર્કેટમાં નાણાં ભરાવી રૂા.૭૯,૫૦૦ની છેતરપિંડી

## ખેડૂત દ્વારા પ્રાંતિજ પોલીસ સ્ટેશનમાં એક મહિલા સહિત ત્રણ વિરૂધ્ધ પોલીસ ફરિયાદ કરી : પોલીસે ગુનો નોધી આગળની તપાસ હાથ ધરી

પ્રાંતિજ તા.૧

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજના કરોલ ગામના ખેડૂત પર દસેક માસ અગાઉ ઈન્દોરની કોઈ કંપનીમાંથી મહિલાએ ફોન કરી શેર માર્કેટમાં નાણાં રોકવાના બહાને વિશ્વાસ કેળવી અલગ અલગ બેંક ખાતામાં ખેડૂત પાસે રૂા.૭૯, ૫૦૦ ભરાવી વિશ્વાસઘાત સાથે છેતરપિંડી કરતા છેતરાયેલા ખેડૂતને અંતે પોલીસ શરણું લેવાની ફરજ પડી છે. ખેડૂતે પ્રાંતિજ પોલીસ સ્ટેશનમાં ફોન કરનાર એક મહિલા સહિત ત્રણ વિરૂધ્ધ પોલીસે ગુનોનોધી આગળ ની તપાસ હાથ ધરી.

પ્રાંતિજ પોલીસ સ્ટેશન ઉપરથી મળતી માહિતી પ્રાંતિજ તાલુકાના કરોલ ગામમાં રહેતા ખેડૂત શૈલેષકુમાર પ્રહલાદસિંહ મકવાણા પ્રાંતિજની સાબરકાંઠા બેંકમાં બચત ખાતુ ધરાવે છે. દસેક માસ અગાઉ ખેડૂતના મોબાઈલ પર મોબાઈલ નં.૯૧૭૦૬ ૬૮૩૬૦ પરથી સ્તુતિ શર્મા નામની લેડીઝનો ફોન આવ્યો હતો. જેમાં તેણે તમો શેર માર્કેટમાં રસ ધરાવો છો તેમ કહી તમને ઢબલ ગણો નફો મળશે અને તમો અમારી કંપની લીયો ટ્રેડર્સ એન્ડ રીચર્સ પ્રાઈવેટ લીમીટેડ ઈન્દોર (મધ્યપ્રદેશ) સાથે જોડાઈ કામ કરશો તો અમો તમને સારી રીતે ગાઈડ કરીશું તેમ કહી વિશ્વાસ સંપાદન કર્યો હતો.

ત્યારબાદ સ્તુતિ શર્માએ અભિષેક અને આદિત્ય કોઠારીના મોબાઈલ નં.૮૩૪૯૪૦૮૦૮૫ આપીને શેર માર્કેટમાં ખાતુ ખોલાવવા તેમજ નુકશાન ન જાય તે માટે ગાઈડ કરવા તેઓની સાથે વાત કરવા ખેડૂતને જણાવ્યુ હતું.ત્યારબાદ કરોલના ખેડૂતને આદિત્ય કોઠારીએ મોબાઈલ પરથી ફોન કરી ખેડૂત પાસે ડોકયુમેન્ટ મંગાવ્યા હતા અને શેર માર્કેટમાં ખાતુ ખોલાવવાથી લઈ રોકાણ કરાવવા અલગ અલગ બેંકના ખાતાઓમાં અલગ અલગ દિવસોએ ટૂકડે ટૂકડે કુલ રૂા. ૭૯,૫૦૦ ભરાવ્યા હતા. ત્યારબાદ ખેડૂતને શેર માર્કેટમાંથી નાણાં પરત ન અપાતા તેણે અવારનવાર ફોન કરનાર વ્યકિતઓ સાથે ફોન પર વાત કરવાનો પ્રયાસ કરતા ફોન ઉપાડવાના બંધ કરી દીધા હતા.

જેથી કરોલના ખેડૂતને પોતાની સાથે વિશ્વાસઘાત અને છેતરપિંડી થયાનું ધ્યાને આવતા તેણે આ મામલે સાયબર સેલમાં અરજી આપી હતી. સાયબર સેલની અરજી બાદ પ્રાંતિજ પોલીસે ખેડૂત સાથે વિશ્વાસઘાત અને છેતરપિંડી કરનાર સ્તુતિ શર્મા, અભિષેક અને આદિત્ય કોઠારી વિરૂધ્ધ ગુનો દાખલ કરી આ અંગે તપાસ હાથ ધરી હતી.

# પાટણમાં પોલીયો રસીકરણ માટે ૨૫૦થી વધુ બાળકો હોય તેવા વિસ્તારોમાં બે બુથ ઉભા કરાશે

પાટણ,તા.૧

નેશનલ ઈમ્યુનાઈઝેશન ડે પલ્સ પોલીયો કાર્યક્રમ અંતર્ગત જિલ્લા કલેકટર સુપ્રીત સિંઘ ગુલાટીના અધ્યક્ષસ્થાને ડિસ્ટ્રીક્ટ ટાસ્ક ફોર્સની બેઠક મળી હતી. જેમાં આગામી જાન્યુઆરી માસમાં યોજાનાર પોલીયો રસીકરણ માટે આયોજનની સમિક્ષા અને ચર્ચા કરવામાં આવી હતી. જિલ્લામાં આગામી તા.૧૭ જાન્યુઆરી, ૨૦૨૧ના રોજથી શરૂ થનાર પલ્સ પોલીયો રસીકરણ માટે ૧.૮૦ લાખ બાળકો નોંધાયેલા છે. જે તમામને રસી આપી શકાય તે માટે જિલ્લામાં ૮૯૭ બુથ, બસ સ્ટેશન અને બજાર જેવા વિસ્તારોમાં ૫૯ ટ્રાન્ઝીટ પોઈન્ટ ઉપરાંત ઈંટભઠ્ઠા, અગરીયા વિસ્તાર, માઈગ્રેટરી સાઈટ, રોડની આજુબાજુના વિસ્તારોના કામદારના બાળકોના રસીકરણ માટે ૨૦૮ જગ્યાઓએ મોબાઈલ ટીમનું આયોજન કરવામાં આવ્યું છે.

પોલીયો રસીકરણના ગત રાઉન્ડ જાન્યુઆરી, ૨૦૨૦માં આરોગ્ય વિભાગ દ્વારા જિલ્લાના કુલ ૧.૮૭ લાખ બાળકોને પોલીયોની રસી પીવડાવવામાં આવી હતી. તા.૧૭ જાન્યુઆરી, ૨૦૨૧ના રોજ પ્રથમ દિવસે તમામ બુથ પર તથા તા.૧૮ અને ૧૯ જાન્યુઆરીના રોજ આરોગ્યકર્મીઓ દ્વારા દરેક ઘરોની મુલાકાત લઈ રસીકરણ માટે બાકી બાળકોને પોલીયોની રસી પીવડાવવામાં આવશે. કોરોના વાયરસ મહામારીને ધ્યાને રાખીને પોલીયોની રસી માટેના બુથ પર વધુ ભીડ એકઠી ન થાય તે માટે ૨૫૦થી વધુ બાળકો હોય તેવા વિસ્તારોમાં જરૂરિયાત મુજબ વેક્સિનેશન બુથને સ્પ્લીટ કરી બે મીની બુથ તૈયાર કરવામાં આવશે.

પાટણ જિલ્લાના જન્મથી ૦૫ વર્ષ સુધીના બાળકોને પોલીયો રસીકરણમાં આવરી લેવાય અને એકપણ બાળક પોલીયો રસી પીવડાવવાથી વંચિત ન રહે તે હેતુથી જિલ્લાના ગ્રામ્ય અને શહેરી વિસ્તારોમાં વહિવટી તંત્રના સંલગ્ન વિભાગો અને સ્વૈચ્છીક સંસ્થાઓનો સહકાર મળી રહે તે પ્રકારનું આયોજન કરવામાં આવ્યું છે.

## બ્રહ્મ સમાજનું ગૌરવ વધાર્યું

ભિલોડા,તા.૧

સાબરકાંઠા જીલ્લાના હિંમતનગર તાલુકાના રાયગઢ ગામના ડૉ.નિમિષાબેન ગોર અને ડૉ.વિજયભાઈ ગોરના સુપુત્રી સલોની ગોર (જી.એમ.ઈ.આર.એસ.) મેડીકલ કોલેજ, ગાંધીનગરમાં એમ.બી.બી.એસ.એ.બી.ના દ્વિતીય વર્ષમાં અભ્યાસ કરે છે.પ્રથમ વર્ષનું પરીણામ જાહેર કરાતા કોલેજમાં પ્રથમ નંબર મેળવી સમગ્ર ગુજરાત યુનિવર્સિટીમાં ત્રીસમો નંબર મેળવી એનાટોમી વિષયમાં જુની મુલ્યાંકન પધ્ધતિ પ્રમાણે સમગ્ર ગુજરાત યુનિવર્સિટીમાં પ્રથમ નંબર મેળવતા સાબરકાંઠા - અરવલ્લી જીલ્લા સહિત બ્રહ્મ સમાજનું ગૌરવ વધારતા આનંદની લાગણી પ્રસરી છે.

